# રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય, સેક્ટર-૨૧, ગાંધીનગર

**"શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક)-૨૦૨૩"**

**Teacher Aptitude Test (Higher secondary) Notification-2023"**

રાજય પરીક્ષા બોર્ડના તા.૦૧/૦૭/૨૦૨૩ ના જાહેરનામાં ક્રમાંકઃરાપબો/TAT-HS/૨૦૨૩/૯૩૮૧-૯૪૨૩ થી શિક્ષક અભિરૂચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) પરીક્ષાનું જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. સદર પરીક્ષા બાબતે કેટલાક ઉમેદવારો દ્વારા પ્રથમ ભાષા અને દ્વિતિય ભાષાના અભ્યાસક્રમ, તાજેતરમાં સુધારા વાળો અભ્યાસક્રમ અને કોમર્સ વિષય બાબતે વિગતવાર સમજ માટે પુછ-પરછ કરવામાં આવી રહી છે. જે બાબતની સ્પષ્ટતા અહી નીચે મુજબ કરવામાં આવેલ છે.

❖ **ભાષા/ગણિત-વિજ્ઞાન/કોમર્સ વિષયના પ્રાથમિક કસોટી ભાગ-૨ તેમજ મુખ્ય કસોટી (વર્ણનાત્મક) ના પ્રશ્નપત્ર-૨ના અભ્યાસક્રમ બાબત સ્પષ્ટતા**

1. **ભાષાના વિષયમાં પ્રથમ ભાષા અને દ્વિતિય ભાષાના અભ્યાસક્રમમાટે નીચે મુજબનો અભ્યાસક્રમ ધ્યાને લેવાનો રહેશે.**

| ક્રમ | વિષયનું નામ | અભ્યાસક્રમની વિગત | | |
|---|---|---|---|---|
| | | ગુજરાતી માધ્યમ | હિન્દી માધ્યમ | અંગ્રેજી માધ્યમ |
| ૧. | ગુજરાતી | ધોરણ-૧૧ અને ૧૨ નો ગુજરાતી (પ્રથમ ભાષા)નો અભ્યાસક્રમ | ધોરણ-૧૧ અને ૧૨ નો ગુજરાતી (દ્વિતિય ભાષા)નો અભ્યાસક્રમ | ધોરણ-૧૧ અને ૧૨ નો ગુજરાતી (દ્વિતિય ભાષા)નો અભ્યાસક્રમ |
| ૨ | હિન્દી | ધોરણ-૧૧ અને ૧૨ નો હિન્દી (દ્વિતિય ભાષા)નો અભ્યાસક્રમ | ધોરણ-૧૧ અને ૧૨ નો હિન્દી (પ્રથમ ભાષા)નો અભ્યાસક્રમ | ધોરણ-૧૧ અને ૧૨ નો હિન્દી (દ્વિતિય ભાષા)નો અભ્યાસક્રમ |
| ૩. | અંગ્રેજી | ધોરણ-૧૧ અને ૧૨ નો અંગ્રેજી (દ્વિતિય ભાષા)નો અભ્યાસક્રમ | ધોરણ-૧૧ અને ૧૨ નો અંગ્રેજી (દ્વિતિય ભાષા)નો અભ્યાસક્રમ | ધોરણ-૧૧ અને ૧૨ નો અંગ્રેજી (પ્રથમ ભાષા)નો અભ્યાસક્રમ |

2. **ગણિત-વિજ્ઞાન વિષય માટે**

ગુજરાત બોર્ડ સંલગ્ન ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં શૈક્ષણિક વર્ષ- ૨૦૨૩-૨૪ માટે અમલમાં હોય તે અભ્યાસક્રમ રહેશે.

3. **કોમર્સ વિષયમા કયા વિષયનો અભ્યાસક્રમ ધ્યાને લેવાનો રહેશે.**

કોમર્સ વિષયમાં નામાના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન, સેક્રેટરીયલ પ્રેકિટસ અને વાણિજ્ય પત્રવ્યહાર (એસ.પી.સી.સી) ત્રણેય વિષયનો અભ્યાસક્રમ ધ્યાને લેવાનો રહેશે.

**નોંધ:**આ પત્રક પ્રાથમિક પરીક્ષા વિભાગ-૨ ખાસ વિષયની કસોટી (હેતુલક્ષી કસોટી) માટે અને મુખ્ય કસોટી (વર્ણનાત્મક લેખિત કસોટી) માટે પ્રશ્નપત્ર-૨ વિષયવસ્તુ અને વિષય પદ્ધતિ સજ્જતા માટે લાગુ પડશે. પ્રશ્નપત્ર – ૧ (વર્ણનાત્મક) તમામ માધ્યમ માટે સમાન રહેશે.

**સ્થળ:**- ગાંધીનગર

**તારીખ:**- ૧૩/૦૭/૨૦૨૩

MGV

સચિવ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર